અપીલ અરજી નં.૪૬૨ તા.૨૯–૩–૧૦

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૨–૨–૧૦ ની અરજીથી (૧) સા.ઝોન/ટેક./ આ.નં.૭૯૫૮ તા.૨૯–૧–૦૯ ના રોજના પત્રમાં જે જે બાંધકામોનું ડીમોલીશન આપના વિભાગે કરેલ બતાવવામાં આવેલું છે તે બાંધકામો હાલમાં કઈ પોઝીશનમાં છે તેની માહિતી આપશો. (૨) આ બાંધકામો પૈકીના કોઈ બાંધકામને ડીમોલીશન કર્યા બાદ ફરીથી બાંધકામ કરવા અંગેની પરમીશન આપના વિભાગ તરફથી આપવામાં આવેલ છે કે કેમ? જો આવી કોઈ પરમીશન આપવામાં આવી હોય તો તેની નકલ સહિતની વિગતો આપશો અને જો પરમીશન આપવામાં આવી ના હોય તો વિના પરમીશને ફરીથી ગેરકાયદે બાંધકામ ઉભુ કરનાર બાંધકામધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૩) ઉપરોકત બાંધકામોનું ડીમોલીશન થયા બાદ આપના વિભાગના કયા કયા અધિકારી/કર્મચારીએ ત્યારબાદ સ્થળ નિરીક્ષણ કરેલ છે તથા નિરીક્ષણ કર્યા બાદ તે બાંધકામધારક વિરૂધ્ધ કઈ કઈ કાર્યવાહી કરી તેની નિરીક્ષણ કરનાર અધિકારી/કર્મચારીના નામ સરનામાની નિરીક્ષણ કર્યાની તારીખ સહિત માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૬૨/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૨–૨–૧૦ ની અરજી બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૩ તા.૫–૪–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૨૩૫ તા.૨૧–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારે જે પત્રના સંદર્ભમાં પૂરક માહિતી માંગેલ છે તે પત્ર સા.ઝોન/ટેક./આ.નં.૭૯૫૮ તા.૨૯–૧–૦૯ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર સા.ઝોન/ટેક./આ.નં.૨૩૪ તા.૨૧–૪–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૨–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૭૯૫૮ તા.૨૯–૧–૦૯ ના પત્રથી ડે.કમિશનરે ચાર્જ સંભાળ્યા પછી ડીમોલેશન પેટે વહીવટી ચાર્જની વસુલાત કરેલ પાંચ મિલ્કતો અંગે અરજદારે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૩૪ તા.૨૧–૪–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.(૧) સા.ઝોન/ટેક./ આ.નં.૭૯૫૮ તા.૨૯–૧–૦૯ ના રોજના પત્રમાં જે જે બાંધકામોનું ડીમોલીશન આપના વિભાગે કરેલ બતાવવામાં આવેલું છે તે બાંધકામો હાલમાં કઈ પોઝીશનમાં છે તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ક્રમ નં.૧ ની મિલ્કતમાં ટીપી ૨. ફા.પ્લોટ નં.૫૬ ભરતનગર સબ પ્લોટ નં.૬ થી ૧૦ માં મિલ્કતની હાલની પોઝીશન બે પ્લોટમાં ગાળા ટાઈપ બાંધકામ થયેલ છે બાકીના ત્રણ પ્લોટ ખુલ્લા છે તેવી માહિતી આપવામાં આવેલ છે. ક્રમ નં.૨ ની મિલ્કતમાં મોજે ઉન તસ્લીમનગર પ્લોટ નં.૧૩૬ ગોલ્ડન ગીફટ હોસ્પિટલના ઉપરના ભાગે મિલ્કતની હાલની પોઝીશન ડીમોલીશન કરેલ ભાગમાં પતરાળું બાંધકામ થયેલ છે. ક્રમ નં.૩ ની મિલ્કતમાં મોજે વડોદ રેસ.સ નં.૧૦૫ પૈકી બે પાર્કીગ તથા સીઓપી મિલ્કતની હાલની પોઝીશન યથાવત પરિસ્થિતિ છે તેવી માહિતી આપેલ છે. ક્રમ નં.૪ ની મિલ્કતમાં મોજે બમરોલી બ્લોક નં.૨૯૬ પ્લોટ નં.૨૦૮ ની બાજુમાં સીઓપી હાલની મિલ્કતની પોઝીશન યથાવત પરિસ્થિતિ છે ક્રમ નં.૫ ની મિલ્કતમાં ટીપી નં.૨ ઉધનામાં આવેલ ગોપાલનગરના પ્લોટ નં.૮૯/૯૦, ૨૨૦ થી ૨૨૨, ૯૭/૯૮ મિલ્કતની હાલની પોઝીશન ડીમોલીશન કરેલ ભાગમાં ફરીથી બાંધકામ થયેલ છે તેવી માહિતી આપવામાં આવેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૨) આ બાંધકામો પૈકીના કોઈ બાંધકામને ડીમોલીશન કર્યા બાદ ફરીથી બાંધકામ કરવા અંગેની પરમીશન આપના વિભાગ તરફથી આપવામાં આવેલ છે કે કેમ? જો આવી કોઈ પરમીશન આપવામાં આવી હોય તો તેની નકલ સહિતની વિગતો આપશો અને જો પરમીશન આપવામાં આવી ના હોય તો વિના પરમીશને ફરીથી ગેરકાયદે બાંધકામ ઉભુ કરનાર બાંધકામધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામોને ડીમોલીશન કર્યા બાદ ફરીથી બાંધકામ કરવા અંગેની પરમીશન આપવામાં આવેલ નથી તેમજ આ બાંધકામો બાબતે ત્યાર બાદ ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ કાર્યવાહી થયેલ નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૩) ઉપરોકત બાંધકામોનું ડીમોલીશન થયા બાદ આપના વિભાગના કયા કયા અધિકારી/કર્મચારીએ ત્યારબાદ સ્થળ નિરીક્ષણ કરેલ છે તથા નિરીક્ષણ કર્યા બાદ તે બાંધકામધારક વિરૂધ્ધ કઈ કઈ કાર્યવાહી કરી તેની નિરીક્ષણ કરનાર અધિકારી/કર્મચારીના નામ સરનામાની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતે ઝોન/કચેરીના

ઓફિસ રેકર્ડ મુજબ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આમ અરજદારને મુદ્દા નં.૧ તી ૩ ની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૦

ઈ.ચા.ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન.)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,